# પરીક્ષા - વિદ્યાર્થીએ ફરજ બજાવી હવે શિક્ષકો બજાવે

ધો.૧૦ અને ધો.૧૨ની બોર્ડની પરીક્ષાઓ ચાલુ છે, ટૂંખ સમયમાં પૂર્ણ પણ થશે. વિદ્યાર્થીઓએ આખું વર્ષ ઉજાગરા કરીને તનતોડ મહેનત દ્વારા તમામ પ્રકારની ઉંત્તમ તૈયારી કરીને પરીક્ષામાં સારામાં સારું પરિણામ મેળવવા પ્રયત્ન કર્યો હશે જ. માત્ર વિદ્યાર્થીઓ જ કેમ ? તેમના વાલીઓ પણ પોતાના પાલ્યનું ઉંત્તમ પરિણામ આવે તે માટે કામધંધામાં બેદરકાર રહયાં હશે- રજાઓ પણ લીધી હશે. બાળકોની સાથે તેમણે પણ ઉજાગરા કર્યા હશે. આર્થિક બોજો ઉઠાવ્યો હશે અને અનેક અરમાનો સેવ્યાં હશે. ઉપરાંત વિદ્યાર્થીઓ સારામાં સારી રીતે પરીક્ષા આપી શકે, તેને કોઇપણ પ્રકારની મુશ્કેલી ન પડે કે કોઇ પણ પ્રકારનો ભય ન અનુભવે તે માટે મા.શિ.બોર્ડ અને સ્વૈચ્છિક સંગઠનો દ્વારા કાઉન્સેલિંગ સેન્ટર્સ પણ ખોલ્યા હતાં.

પરીક્ષામાં વિદ્યાર્થીઓ સારા વાતાવરણ વચ્ચે કોઇપણ ખલેલ વગર પરીક્ષા આપીને ઉત્તમ પરિણામ મેળવે તે માટેના શાળા અને સરકારના તમામ પ્રયત્નોને વિદ્યાર્થીઓ અને વાલીએ વધાવીને પૂરતો સહકાર પણ અપ્યો છે. વિદ્યાર્થીઓએ પોતાની આખા વર્ષની મહેનતને ત્રણ કલાકમાં જવાબવહીમાં રજૂ કરીને ખૂબ જ આશા-અપેક્ષા-અરમાનો સાથે મૂલ્યાંકનકર્તા શિક્ષકો પર વિશ્વાસ મૂકીને પોતાની જવાબદારી પૂર્ણ કરી છે. ત્યારે હવે પછીની અત્યંત અગત્યની જવાબદારી શરૂ થાય છે શિક્ષકોની. તે છે – પરીક્ષાની જવાબવહીની ગુણવત્તાયુક્ત ચકાસણી.

મા.શિ.બોર્ડ દ્વારા વિદ્યાર્થી અને વાલીના સંતોષ માટે તેમજ વધુ ગુણવત્તા યુક્ત મૂલ્યાંન માટે ધો.-૧૨ની વિજ્ઞાનપ્રવાહની તપાસેલ જવાબવહી ચોક્કસ ફી ભરનાર વાલીને રૂબરૂ બોલાવીને બતાવવામાં આવે છે. ત્યારે ભૂતકાળમાં અનેક જવાબવહીઓમાં શિક્ષકો દ્વારા યોગ્ય મૂલ્યાંકન ન થવાના કિસ્સાઓ બહાર આવ્યા છે. જેમાં વિદ્યાર્થીને મળવાપાત્ર ગુણ કરતાં ઓછા ગુણ આપવામાં આવ્યા હોય. એટલું જ નહીં કેટલાંક કિસ્સામાં તો વિદ્યાર્થીનો જવાબ સાચો હોય તો પણ શિક્ષકે તેની પર લાલ પેનની લીટી મારીને વિદ્યાર્થીના લોહીનું પાણી કરી નાંખ્યું હોય છે. આવા કિસ્સામાં વાલી ફરિયાદ કરે તો પણ તેનું પરિણામ મળતું નથી. કારણકે, નિયમ એવો છે કે, જે પ્રશ્ન શિક્ષકે તપાસેલ હોય તે પ્રશ્નમાં શિક્ષકે જે ગુણ આપ્યાં હોય તેમાં કોઇ જ સુધારો થઇ શકે નહીં, પછી ભલેને સાચા જવાબ માટે શૂન્ય ગુણ આપેલ હોય. આમ ઘણાં વિદ્યાર્થીઓ શિક્ષકની બેદરકારીનો ભોગ બને છે. ખૂબ ઓછા કિસ્સામાં એકાદ પ્રશ્ન તપાસવાનો રહી ગયેલ હોય છે, ત્યારે પ્રશ્ન થાય છે કે, જે વાલીએ રૂબરૂ પેપર જોયા ન હોય તેમના બાળકનું શું? ધો.૧૦ અને ધો.૧૨ સામાન્યપ્રવાહમાં જવાબવહી રૂબરૂ બતાવવામાં આવતી નથી. તો શું એમાં આવા કિસ્સા નહીં બનતા હોય? વહીંવટી સમસ્યા અને કારણોસર મા.શિ.બોર્ડ ધો.૧૦ અને ધો.૧૨ સામાન્યપ્રવાહ માટે રૂબરૂ જવાબવહી બતાવી શકે તેમ નથી. ત્યારે આ ધોરણોમાં શિક્ષકપક્ષે વધુ જવાબદારી આવી પડે છે. જવાબવહીઓના પરીક્ષણ વખતે ક્યારેક ભૂલ થાય તે સ્વીકારી શકાય આમછતાં શિક્ષકની ભૂલનો ભોગ બાળક બને છે તે ક્યારેય સ્વીકારી ન જ શકાય. મોટાભાગે જવાબવહીનું અયોગ્ય મૂલ્યાંકન પરીક્ષકોની ભૂલને કારણે નહીં, પણ તેમની બેદરકારીને કારણે જ થાય છે. એક-બે વાર થતું અનિચ્છનીય કૃત્ય ભૂલ કહેવાય, પણ વારંવાર થતાં આવા કૃત્યને બેદરકારી-ઇરાદો જ કહી શકાય.

ઉત્તરવહીઓના અયોગ્ય મૂલ્યાંકન માટે માત્ર પરીક્ષકોને જ જવાબદાર ગણી શકાય. તેમાં મા.શિ.બોર્ડ કે સરકાર પણ શું કરે? કારણકે, જવાબવહીઓ ખૂબ જ ગુણવત્તાયુક્ત તપાસાય તે માટે ધો.૧૨ વિજ્ઞાનપ્રવાહમાં દરરોજ માત્ર વીસ જ જવાબવહી ચકાસવાની હોય છે. અહીં જવાબવહી ચકાસવાની છે- જોવાની નથી. તેમાંપણ કોઇ શિક્ષક વીસથી ઓછી જવાબવહી ચકાસે તો પણ મા.શિ.બોર્ડ કોઇ શિક્ષા કે

ખોટો આગ્રહ કરતું જ નથી. એક જ જવાબવહી એક કરતાં વધુ પરીક્ષક દ્વારા ચકાસવામાં આવે છે. જવાબવહીમાં જેટલા મુખ્ય પ્રશ્નો એટલા પરીક્ષકો. ત્યારે યોગ્ય રીતે પૂરી ગુણવત્તા યુક્ત જવાબવહીની ચકાસણી થાય તેની સંપૂર્ણ જવાબદારી માત્ર પરીક્ષકોની જ છે. તેથી જ અયોગ્ય મૂલ્યાંકન માટે માત્ર પરીક્ષકો જ જવાબદાર ગણાય.

જવાબવહી તપાસવા માટે સરકાર જ્યાં બોલાવે ત્યાં જઇને પૂરતી નિષ્ઠા સાથે જવાબવહીઓ તપાસવી એ જ સાચો શિક્ષકધર્મ છે. આ કામ માટે સૌ શિક્ષકે પોતાની મહત્ત્વની ફરજ સમજીની પૂરી માનસિકતા સાથે જવું જોઇએ. ઉત્તરવહી તપાસવાનું કામ માત્ર માનસિક જ નથી, ભાવનાત્મક પણ છે. માટે જ ઉત્તરવહીઓ તપાસતી વખતે શિક્ષકે કેટલીક બાબતોને ઇરાદાપૂર્વક યાદ રાખવી જોઇએ. જે અહીં રજૂ કરીને સૌ શિક્ષકોનું ધ્યાન દોરવાનો આ નમ્ર પ્રયાસ છે.

શિક્ષકમિત્રો, તમે તમારા બાળકની ઉત્તરવહી તપાસનાર અન્ય પરીક્ષક પાસે જે અપેક્ષા રાખો છો- જે નિષ્ઠાનો આગ્રહ રાખો છો તે મુજબની અપેક્ષા અને નિષ્ઠાને ધ્યાનમાં રાખીને ઉત્તરવહીઓ તપાસો. તમે મહત્ત્વની જવાબદારી ઉંઠાવી જ છે તો તેને એટલા જ પ્રમાણમાં નિભાવી બતાવો. ઉત્તરવહીઓ તપાસતી વખતે ઉદારવાદી કે ઉગ્રવાદી ન બનો, પણ ઉત્કૃષ્ટવાદી બનો. જેણે જે લખ્યું છે, તેને પૂરતી સભાનતા સાથે વાંચો અને એટલી જ સભાનતા સાથે ગુણ આપો. સારાં લખાણને અન્યાય ન થાય અને નબળા લખાણને ખોટો ફાયદો પણ ન થાય તેની પૂરતી કાળજી રાખો. મૂલ્યાંકન ચાવીને અનુસરો, પણ જરૂર પડે વિદ્યાર્થીની મૌલિકતાને સમજીને સાચું મૂલ્યાંકન થાય તેનો પણ આગ્રહ રાખો. ખોટી માન્યતાઓથી દૂર રહો. જેમકે, ગુજરાતી વિષયમાં તો એંસી ગુણ ન જ અપાય. દરેક ઉત્તરવહી માટે પુરતો સમય આપો. ચોક્કસ સમયમાં અમુક ઉત્તરવહી તપાસવી જ એવો આગ્રહ ન રાખવો. મિત્રો સાથે ચા પીવા જવામાં કે કોઇની સાથે ફોન પર વાત કરવા માટે ચાલુ ઉત્તરવહીને ઝડપથી પૂરી કરવાનો આગ્રહ ન રાખવો. સારું પરીક્ષણ કરતાં શિક્ષકોને મિત્રો બનાવો, તેમની સાથે ચર્ચા કરો, તેમના સહવાસમાં કામ કરો. તો વળી, નબળા પરીક્ષકથી દૂર રહેવામાં જ શિક્ષણનું હિત છે. શક્ય હોય તો આવા પરીક્ષકને મિત્રભાવે સારા શબ્દોમાં ટકોર પણ કરી શકાય. જે જગ્યાએ જવાબવહીઓ તપાસો છો તેની અગવડતાની અસર મૂલ્યાંકન પર ન થવા દો. ઉતારાના વાંકે ઉત્તરવહીઓને ડામ ન આપો. આપણા ગમાઅણગમાને બાજુ પર રાખીને પૂરી નિષ્ઠા અને શિક્ષકપણાના ભાવ સાથે કામ કરશો તો દરેક વિદ્યાર્થીને ન્યાય મળશે.

અંતે શિક્ષકમિત્રોને વિનંતી સહ..... તમારા એક એક ગુણના આધારે વિદ્યાર્થીનું ભવિષ્ય નક્કી થાય છે. તમે જ્યારે જવાબવહી ચકાસીને ગુણના અંક લાલ પેન વડે લખો છો ત્યારે ખરેખર તો તમે વિદ્યાર્થીના વિધાતા બનીને વિદ્યાર્થીનું ભવિષ્ય લખો છો. વિદ્યાર્થીનું ભવિષ્ય ઉજાળે તે નહીં, પણ ઉજ્જવળ કરે તે સાચો શિક્ષક છે. તમે સૌએ તેમના ભવિષ્યને ઉજ્જવળ બનાવવા શાળામાં આખું વર્ષ મહેનત કરી જ છે, ત્યારે તમારા હાથે કોઇ વિદ્યાર્થીનું ભવિષ્ય ઉંજળે નહીં તે જોજો. તમારીકાર્યદક્ષતા માટે પૂરતું માન અને ગૌરવ છે. વિદ્યાર્થીઓએ જે ખંતથી મહેનત કરી છે અને જે રીતે જવાબદારી નિભાવી છે તે રીતે સૌ પરીક્ષકો પણ ખરા ખંતથી જવાબવહીઓ ચકાસીને પોતાની જવાબદારી અદા કરીને વિદ્યાર્થીના સાચા અર્થમાં વિધાતા બનશે તો સૌ વાલીમિત્રો તમારા આભારી રહેશે, તમારા માટે તેમના મનમાં ચોક્કસ પ્રકારનું સન્માનીય સ્થાન ઊભું થશે.